# ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામુ.

નં.એમએજી/ચુંટણી હથીયારબંધી/વશી.૫૭૬૨/૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી–બ્લોક,
જિલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત
તા.૦૫/૦૩/૨૦૧૪

હુ ક મઃ–

ભારતના ચુંટણી આયોગ ધ્વારા લોક સભા સામાન્ય ચુંટણી–૨૦૧૪ તથા ૧૫૭–માંડવી વિધાન સભા મત વિભાગની પેટા ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા.૩૦/૦૪/૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ છે. ભારતનાં ચુંટણી આયોગે ભારતના બંધારણની કલમ–૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંકઃ૪૬૪/એલ એન્ડ ઓ/૯૯–પીએલએન–૧, તા.૧૨/૧૧/૧૯૯૯ ના પેરા નં.૬ માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી હથીયારો સાથે હરવા ફરવા ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

અગાઉની ચુંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ચુંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે. મુકત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથીયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે સુરત જિલ્લામાં સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના સુરત(ગ્રામ્ય)ના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સુરત જિલ્લા(ગ્રામ્ય) બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત જિલ્લા(ગ્રામ્ય)ના વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલિક જરૂરી જણાય છે.

જેથી હું પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું.

(૧) સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશ્નરેટના વિસ્તાર સિવાયના સુરત(ગ્રામ્ય)ના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ–૧૯૫૯ ની કલમ–૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહી.

(૨) સુરત(ગ્રામ્ય) વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત જિલ્લા(ગ્રામ્ય)ના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહી.

**<u>અપવાદઃ–</u>**

આ હુકમનો પેરા નં.૪(૧) અને (૨) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તેમજ સુરત જિલ્લામાં આવેલ હિરાની ફેકટરીઓ તથા સોના–ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ તા.૨૮/૦૫/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૫/૦૩/૨૦૧૪ ના રોજ મારી સહી સિક્કા સાથે આપેલ છે.

**(પ્રકાશ એન. મકવાણા)**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**સુરત**

**નકલ જયભારત સહ રવાના–**

૧. નોડલ અધિકારીશ્રીઓ તમામ
૨. ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રી/ઓફીસરશ્રી/સેકટર ઓફીસરશ્રી સુરત જીલ્લા તમામ તરફ.
૩. પોલીસ અધિક્ષકશ્રી,સુરત (ગ્રામ્ય) તરફ જાણવા તથા અમલ થવા સારૂ.(૨૦–નકલ)
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત તરફ.
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત/ઓલપાડ પ્રાંત/બારડોલી પ્રાંત/માંડવી પ્રાંત/કામરેજ પ્રાંત, જિ.સુરત.
૬. વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ/પોલીસ ઈન્સપેકટરશ્રીઓ/પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ તમામ તરફ.
૭. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તમામ તરફ જાણવા–વ–અમલ થવા સારૂ.
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તમામ/મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા, તમામ તરફ
૯. ચીફ ઓફીસરશ્રી બારડોલી/માંડવી/કનકપુર–કનસાડ/તરસાડી નગર પાલીકા તરફ.
૧૦. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જડજશ્રી, સુરત તરફ.
૧૧. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૧૨. માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું, સુરત તરફ.
૨/– હુકમની ૧૦– નકલો સાથે દૈનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી આપવા સારૂ.
૧૩. મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા તરફ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૪. કચેરી મજકૂરની ચુંટણી શાખા/વહીવટ શાખા અને ગ્રામ પંચાયત ઈલેકશન શાખા, કલેકટર કચેરી, સુરત તરફ

**<u>નકલ સવિનય રવાના–</u>**

૧. અધિક સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા મંજુરી આપવા સારૂ
૨. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.